	જનસંપર્ક અધીકારી દ્વારા પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર (P.R.O.) ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩ કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦	

તા.૧૫/૦૩/૨૦૨૨ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૪૮૧/૨૦૨૨

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૪/૦૩/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ. નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૭૪૬	૦	૧૧૭૪૬	૧૭૮૫૨	૦	૧૭૮૫૨
૨	કલમ ૨૬૯, ૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
૩	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૩૦	૦	૧૩૦	૪૦૯	૦	૪૦૯
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૮૪૦૭૪	૦	૮૪૦૭૪	૮૫૦૪૪	૦	૮૫૦૪૪
કુલ		૧૦૦૬૮૩	૦	૧૦૦૬૮૩	૧૦૯૫૮૭	૦	૧૦૯૫૮૭

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૦૦	૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૫૧	૫૧,૦૦૦/-

ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

શાહપુર પોલીસ સ્ટેશન

ચોરી કરનાર ઇસમને ગણતરીના કલાકોમાં ઝડપી લેતી

શાહપુર પોલીસ સર્વેલન્સ સ્કોડ ટીમ

માનનીય પોલીસ કમિશ્નર સા. શ્રી અમદાવાદ શહેર, અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૧, નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૨ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "સી" ડિવિઝન અમદાવાદ શહેર નાઓ તરફથી પોલીસ સ્ટેશન વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે તથા શરીર અને મિલકત સબંધી ગુના રોકવા તેમજ બનેલ ગુનાઓ શોધવા સારૂ સુચના આપેલ હોય જે સુચના આધારે સિનિયર તથા સેકન્ડ પોલીસ ઇન્સ્પેક્ટર શાહપુર પો.સ્ટે. નાઓના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોડ પો.સ.ઇ. શ્રી એસ.આર.બલાત સર્વેલન્સ સ્કોર્ડ ટીમ સાથે આગામી દિવસોમાં હોળી ધુળેટીનો તહેવાર આવતો હોય અને મોડી રાત્રીના કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે સારૂ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન ટોરેન્ટ પાવર ચાર રસ્તા પાસે આવતા સાથેના અ.પો.કો.જયેશકુમાર જયરામભાઈ તથા અ.પો.કો. વનરાજભાઈ ભરતભાઇ નાઓને સંયુક્ત બાતમી હકીકત મળેલ કે,"આજરોજ ધી કાંટા પાનના ગલ્લામાં થયેલ રોકડ રૂપિયાની ચોરી કરનાર ઈસમ કાળા કલરની એકસેસ ગાડી લઈ કુરેશી ચોક તરફથી ટોરેન્ટ પાવર તરફ આવનાર છે જે બાતમી મળતા સ્ટાફના માણસો સાથે મોરકસવાડના નાકે ચોર ઈસમ ફેસલ ઉર્ફે મુરધી સ/ઓ યુનુસભાઈ યુસુફભાઈ કુરેશી ઉ.વ.૨૪ ધંધો.મજુરી રહે-૩૩, દેવજીપુરાના છાપરા, માધવપુરા, અમદાવાદ શહેર તથા હાલ રહે-મ.નં-૦૩, અલ ફજલ ડુપ્લેક્ષ સોહેલ પાર્કની બાજુમાં ફતેહવાડી, જુહાપુરા, વેજલપુર, અમદાવાદ શહેરનાનો મળી આવતા મજકુર પાસેથી ફરીયાદીશ્રીના ગલ્લા માંથી ચોરી થયેલ રોકડ રૂ.૮૦૦૦/-પુરા મુદ્દામાલ સાથે પકડી પાડી ગણતરીના કલાકોમાં ચોરીના ગુનાનો ભેદ ઉકેલી મુદ્દામાલ રિકવર કરી શાહપુર પોલીસ સ્ટેશન સર્વેલન્સ સ્કોડની ટીમે પ્રશંસનીય કામગીરી કરેલ છે.

કામગીરી કરનાર ટીમ :-

(૧) શ્રી આર.એચ.વાળા સિનિયર પોલીસ ઇન્સ્પેકટર શ્રી, શાહપુર પો.સ્ટે. માર્ગદર્શન અને સુચના
(૨) શ્રી પી.જે.ચુડાસમા સેકન્ડ પોલીસ ઇન્સ્પેકટર શ્રી, શાહપુર પો.સ્ટે. માર્ગદર્શન અને સુચના
(૩) પો.સ.ઈ. એસ.આર.બલાત (૪) મ.સ.ઈ.ઈસ્માઈલભાઈ ઈકબાલભાઈ (૫) અ.હેડ.કોંસ નૌશાદઅલી ઉસ્માનમીયા (૬) પો.કો.યુનુસખાન મુનાવરખાન (૭) પો.કો.જયેશકુમાર જયરામભાઈ (૮) પો.કો.વનરાજ ભરતભાઈ (૯) પો.કો. કિરણસિંહ પ્રવીણસિંહ (૧૦) પો.કો. અક્ષયકુમાર દશરથલાલ (૧૧) પો.કો. પ્રવીણસિંહ દેવેંદ્રસિંહ (૧૨) પો.કો. કૃષ્ણસિંહ ભરતસિંહ (૧૩) પો.કો. પ્રીયવદન મનુભાઈ (૧૪) પો.કો. ગીરીશકુમાર પુંજાલાલ (૧૫) પો.કો. જીગ્નેશ ભવાનભાઈ (૧૬) પો.કો. ઇશ્વરભાઇ માલસુરભાઈ

આરોપીએ કબુલાત કરેલ ગુનાઓ:-

શાહપુર પોલીસ સ્ટેશન પાર્ટ.એ. ગુ.ર.નં. ૧૧૧૯૧૦૪૩૨૨૦૨૦૭/૨૦૨૨ ધી ઈ.પી.કો. કલમ-૩૭૯



પાસા અટકાયતની વિગત

નારોલ પોલીસ સ્ટેશન

વાહન ચોરી જેવા મિલકત સબંધિત ગુના આચરી ગુનાહિત અસામાજીક પ્રવૃતિ આચરતા ઇસમને પાસા અટકાયત અધિનિયમ હેઠળ રાજકોટ જેલ ખાતે મોકલતી નારોલ પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ તેમજ સંયુકત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ સાહેબ તેમજ નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ સાહેબ તેમજ મિલાપ પટેલ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "કે" ડીવીઝન સાહેબ અમદાવાદ શહેરનાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ અમદાવાદ શહેર વિસ્તારમાં મિલકત સબંધિત ગુનાઓની પ્રવુતિ સદંતર નેસ્ત નાબુદી કરવા સારૂ ચુસ્તપણે સુચન કરેલ હોય અને આવા ગુના વારંવાર આચરતા ઇસમ વિરૂદ્ધ અટકાયતિ પગલા લેવા સુચન કરેલ હોય જે અનુસંધાને કે.એસ.પટેલ પો.ઇન્સ.શ્રી નારોલ પો.સ્ટે નાઓએ સ્ટાફના માણસોને આવા મિલકત સબંધિત ગુના વારંવાર આચરતા ઇસમોની માહિતી એકઠી કરવાની સુચના કરતા જેમા અમદાવાદ શહેરના અલગ અલગ પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલ ગુનાઓ જેમાં (૧) વેજલપુર પો.સ્ટે પાર્ટ.એ.ગુ.ર.નં. ૧૧૧૯૧૦૨૮૨૦૦૧૪૩/૨૦૨૦ ધી ઇ.પી.કો. કલમ ૩૭૯ મુજબ તથા (૨) નારોલ પો.સ્ટે પાર્ટ.એ.ગુ.ર.નં. ૧૧૧૯૧૦૬૫૨૧૦૧૩૪ /૨૦૨૧ ધી ઇ.પી.કો. કલમ ૩૭૯ મુજબ ના ગુનાઓના કામના આરોપી અહેશાન ઉર્ફે ફુરકાન ઉર્ફે સલમાન અબ્દુલભાઈ શેખ ઉ.વ.૨૫ ધંધો.મજુરીકામ રહે.સેબરવાડો અમરથોડ દરવાજા ઉપર આલીપીરની બાજુમાં વડનગર તા.વડનગર જી.મહેસાણા નાઓની મિલકત સબંધિત અસામાજીક પ્રવૃત્તિ સબબ તેમના વિરૂદ્ધ પાસા દરખાસ્ત ભરી મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓ તરફ મોકલી આપતા ઉપરોક્ત આરોપી વિરૂદ્ધ મે. મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓએ પાસા ક્રમાંક : પીસીબી/ડીટીએન/પાસા/૨૫૦/૨૦૨૨ તા.૧૪/૦૩/૨૦૨૨ ના રોજ પાસા અટકાયતી નો હુકમ કરતા ઉપરોક્ત આરોપીને ના પાસા હુકમની બજવણી કરી યોગ્ય પોલીસ જાપ્તા સાથે રાજકોટ જેલ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે. જે નારોલ પોલીસ સ્ટેશનની પોલીસ દ્વારા સરાહનીય કામગીરી કરેલ છે.

કામગીરી કરનાર અધિકારી/કર્મચારીઓ :-

કે.એસ.પટેલ પોલીસ ઇન્સપેક્ટર નારોલ પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર

અ.હે.કો. દિપેનકુમાર મનુભાઇ બ.નં.૬૦૮૦ તથા અ.પો.કો. સહદેવસિંહ નટવરસિંહ બ.નં. ૬૨૮૪ તથા અ.લો.ર. મુકેશ બાલુભાઇ બ.નં. ૧૨૧૭૧



નશાબંધી અને જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૪૮૨/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૮૦ કેસ કરી, ૭૬ વ્યક્તિઓને ઝડપી, ૨૭૦ લીટર દેશી દારૂ, ૫૩૧૩ બોટલ ઇંગ્લીશ દારૂ, ૬૬૬૪ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ અને ૧ ટ્રક કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૭ કેસ કરી, ૧૯ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૬,૬૧૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૪૮૩/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૧૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૭ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૪૮૪/૨૦૨૨**

સાયબર ક્રાઈમઃ અર્જુન અનંતરામ શાસ્ત્રી (ઉ.વ.૩૭) (રહે. ન્યુ ગોલ્ફ વ્યુ હનુમાન કેમ્પ કેન્ટોનમેન્ટ શાહીબાગ) એ તા.૧૪/૦૩/૨૦૨૨ ના રોજ સાયબર ક્રાઈમ ખાતે ફરીયાદ નોધાવી છે કે અર્જુન શાસ્ત્રીએ ઓ.એલ.એક્સ.એપ પર સોફા વેચવાની જાહેરાત મુકતા તા.૦૨/૦૩/૨૦૨૨ ના રોજ મોબાઈલ નંબર ૬૩૭૧૦૬૨૫૯૭ ના ધારકે ફોન કરી પોતાનુ નામ આકાશકુમાર જણાવી સોફા ખરીદ કરવાનુ કહી તે પેટે પેટીએમના માધ્યમથી નાણા ચુકવાનુ જણાવી ક્યુ.આર. કોડ મોકલી સ્કેન કરાવી અલગ-અલગ ટ્રાંજેક્શન કરી કુલ રૂપિયા ૩,૧૯,૬૦૦/- મેળવી લઇ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એમ.એચ.પુવાર ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૪૮૫/૨૦૨૨**

રામોલઃ એકતાબહેન વા/ઓ જયદીપભાઇ પંચાલ (ઉ.વ.૨૩) (રહે. દેવીકૃપા સોસાયટી મહાદેવનગર ટેકરા, વસ્ત્રાલ) એ અગમ્ય કારણસર તા.૧૪/૦૩/૨૦૨૨ બપોરના ૧૨/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મદદનીશ પોલીસ કમિશનર શ્રી 'આઈ' ડીવીઝન ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.